એશિઝ: બોક્સિંગ ડે ટેસ્ટના પ્રથમ દિવસે નોકઆઉટ બોલિંગ

# પ્રથમ દિવસે 20 વિકેટ પડી, ઓસ્ટ્રેલિયા પાસે 42 રનની સરસાઈ

**લગભગ** 73 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટના પ્રથમ દિવસે 20 વિકેટ પડી

**ઓસ્ટ્રેલિયા** પ્રથમ ઈનિંગમાં 152 રનમાં ઓલઆઉટ, જવાબમાં ઈંગ્લેન્ડ 110 રનમાં ઓલઆઉટ થયું

**જોશ** ટંગે 5 વિકેટ લીધી



મેલબોર્ન, તા. 26 (એપી): ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે એશિઝ શ્રેણીની ચોથી ટેસ્ટ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર શુક્રવારથી શરૂ થઈ છે. આ બોક્સિંગ ડે ટેસ્ટના પહેલા દિવસે બોલરોએ પ્રભુત્વ જમાવ્યું. 76.1 ઓવરમાં 20 બેટ્સમેન પેવેલિયન પરત ફર્યા. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બંનેનો પ્રથમ દાવ પૂર્ણ થઈ ગયો છે.

પહેલા બેટિંગ કરવા આવેલી ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ દાવમાં 152 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બાદમાં ઈંગ્લેન્ડનો પ્રથમ દાવ પણ 110 રનમાં સમેટાઈ ગયો હતો. દિવસના રમતના અંત સુધીમાં, ઓસ્ટ્રેલિયાએ તેમના બીજા દાવમાં કોઈ નુકસાન વિના 4 રન બનાવ્યા હતા અને આમ 42 રનની સરસાઈ મેળવી હતી. સ્કોટ બોલેન્ડ 4 અને ટ્રેવિસ હેડ 0 રન પર રમતમાં છે.

બોક્સિંગ ડે ટેસ્ટ માટે રેકોર્ડ 94,199 દર્શકો ઉમટી પડ્યા હતા, જેણે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે 2015ના વર્લ્ડકપ ફાઈનલ દરમિયાન સ્થાપિત 93013ના અગાઉના રેકોર્ડને તોડી નાખ્યો હતો.

જોશ ટંગે 45 રનમાં 5 વિકેટ લીધી હતી જેની મદદથી ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરનાર ઈંગ્લેન્ડે યજમાન ટીમને સસ્તામાં આઉટ કરી દીધી હતી. જવાબમાં, ઈંગ્લેન્ડ 29.5 ઓવરમાં 110 રનમાં ઓલઆઉટ થયું હતું, જેમાં માઈકલ નેસરે 45 રનમાં 4 વિકેટ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયાએ પહેલાં જ 3 ટેસ્ટ જીતીને એશિઝ સિરીઝ પોતાના નામે કરી લીધી છે.

| ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હેડ બો એટકીન્સન | 12 | 22 | 2 | 0 |
| વેધરાલ્ડ કો સ્મિથ બો ટંગ | 10 | 23 | 1 | 0 |
| લાબુશેન કો રૂટ બો ટંગ | 6 | 19 | 0 | 0 |
| સ્મિથ બો ટંગ | 9 | 31 | 2 | 0 |
| ખ્વાઝા કો સ્મિથ બો એટકીન્સન | 29 | 52 | 2 | 0 |
| કેરી કો કોલી બો સ્ટોક્સ | 20 | 35 | 0 | 0 |
| ગ્રીન રન આઉટ | 17 | 34 | 2 | 0 |
| નેસર બો ટંગ | 35 | 49 | 7 | 0 |
| સ્ટાર્ક કો સ્ટોક્સ બો કાર્સે | 1 | 6 | 0 | 0 |
| રિચર્ડસન અણનમ | 0 | 1 | 0 | 0 |
| બોલેન્ડ કો બ્રુક બો ટંગ | 0 | 1 | 0 | 0 |
| વધારાના | 13 | | | |

કુલ 45.2 ઓવરમાં ઓલઆઉટ152 રન

વિકેટ પતન: 1-27, 2-31, 3-34, 4-51, 5-89, 6-91, 7-143, 8-152, 9-152, 10-152

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ગસ એટકીન્સન | 14 | 4 | 28 | 2 |
| બ્રીડોન કાર્સે | 12 | 3 | 42 | 1 |
| જોશ ટંગ | 11.2 | 2 | 45 | 5 |
| બેન સ્ટોક્સ | 8 | 1 | 25 | 1 |

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| કોલી કો સ્મિથ બો સ્ટાર્ક | 5 | 14 | 0 | 0 |
| ડકે કો નેસર બો સ્ટાર્ક | 2 | 5 | 0 | 0 |
| બેથેલ કો કેરી બો નેસર | 1 | 5 | 0 | 0 |
| રૂટ કો કેરી બો નેસર | 0 | 15 | 0 | 0 |
| બ્રુક એલબી બો બોલેન્ડ | 41 | 34 | 2 | 2 |
| સ્ટોક્સ કો સ્મિથ બો નેસર | 16 | 38 | 1 | 0 |
| સ્મિથ બો બોલેન્ડ | 2 | 3 | 0 | 0 |
| જેક્સ કો કેરી બો બોલેન્ડ | 5 | 10 | 0 | 0 |
| એટકીન્સન બો ગ્રીન | 28 | 35 | 3 | 1 |
| કાર્સે કો બોલેન્ડ બો નેસર | 4 | 12 | 0 | 0 |
| ટંગ અણનમ | 1 | 9 | 0 | 0 |
| વધારાના | 5 | | | |

કુલ 29.5 ઓવરમાં ઓલઆઉટ110 રન

વિકેટ પતન: 1-7, 2-8, 3-8, 4-16, 5-66, 6-68, 7-77, 8-83, 9-91, 10-110

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 6 | 0 | 23 | 2 |
| માઈકલ નેસર | 10 | 1 | 45 | 4 |
| સ્કોટ બોલેન્ડ | 9 | 1 | 30 | 3 |
| ઝીયે રિચાર્ડસન | 4 | 1 | 8 | 0 |
| કેમરોન ગ્રીન | 0.5 | 0 | 0 | 1 |

| ઓસ્ટ્રેલિયા બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બોલેન્ડ રમતમાં | 4 | 6 | 1 | 0 |
| ટ્રેવિસ હેડ રમતમાં | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 0 | | | |

કુલ 1 ઓવરમાં વગર નુકસાને 4

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| એટકીન્સન | 1 | 0 | 4 | 0 |

# કોહલી, પંતની અડધી સદી, દિલ્હીએ ગુજરાતને રોમાંચક મેચમાં હરાવ્યું

**દિલ્હીએ** 254 રન બનાવ્યા જવાબમાં ગુજરાત 247 રનમાં ઓલઆઉટ થયું



બેંગ્લુરૂ, તા. 26 (પીટીઆઈ): વિરાટ કોહલી અને ઋષભ પંતની શાનદાર અડધી સદીની મદદથી દિલ્હીએ વિજય હજારે ટ્રોફીના એલિટ ગ્રુપ-ડીની મેચમાં શુક્રવારે ગુજરાત પર સાત રનની રોમાંચક જીત નોંધાવી હતી. ગુજરાતની ટીમ લક્ષ્યનો પીછો કરતી વખતે સારી સ્થિતિમાં હતી પણ તેના બેટ્સમેનોએ બેજવાબદાર શોટ રમ્યા જેના કારણે ટીમને મેચ ગુમાવવી પડી.

પ્લેયર ઓફ ધ મેચ કોહલી (61 બોલમાં 77) અને પંતની (79 બોલમાં 70) ઈનિંગની મદદથી દિલ્હીએ 50 ઓવરમાં 9 વિકેટે 254 રન બનાવ્યા. ગુજરાત 47.4 ઓવરમાં 247 રનમાં ઓલઆઉટ થઈ ગયું. કોહલી અને પંત બંનેની બેટિંગ તેમની શૈલીથી અલગ લાગી રહી હતી. કોહલી આક્રમક બેટિંગ કરી રહ્યો હતો, પરંતુ પંતે મોટા શોટ રમવા કરતાં દોડીને રન બનાવવાનું પસંદ કર્યું. કોહલીએ 29 બોલમાં 10 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી પોતાની અડધી સદી પૂરી કરી, આ તેની લિસ્ટ-એ ક્રિકેટમાં 85મી અડધી સદી હતી. કોહલીને ડોબોડી સ્પિનર વિશાલ જાયસ્વાલે (4 વિકેટ) આઉટ કરી તેને સતત બીજી સદી બનાવવાથી અટકાવ્યો હતો.

લક્ષ્યનો પીછો કરતા ગુજરાતે આર્યન દેસાઈની (57 રન) અડધી સદીની મદદથી મજબૂત શરૂઆત કરી. તેણે ઉર્વિલ પટેલ (31) સાથે પ્રથમ વિકેટ માટે 67 રન અને અભિષેક દેસાઈ સાથે બીજી વિકેટ માટે 54 રનની ભાગીદારી કરી. 121ના સ્કોર બાદ 23 રનની અંદર તેણે 4 વિકેટ ગુમાવી દીધી હતી.

# મહિલા ટી-20: ભારતે શ્રીલંકાને 112 રન પર અટકાવ્યું

**રેણુકા** સિંહે 4 વિકેટ લઈ ટીમમાં શાનદાર વાપસી કરી

**દિપ્તી** શર્માએ 3 વિકેટ લઈ સૌથી વધુ વિકેટના રેકોર્ડની બરોબરી કરી



થિરૂવનંતપુરમ, તા. 26 (પીટીઆઈ): ટીમમાં વાપસી પછી ફાસ્ટ બોલર રેણુકા સિંહ ઠાકુરે શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા મહિલા ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સંયુક્ત રીતે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની, જ્યારે ભારતે શુક્રવારે અહીં ત્રીજી મેચમાં શ્રીલંકાને સાત વિકેટે 112 રન પર અટકાવ્યું હતું.

ગયા વર્ષે ડિસેમ્બર પછી પોતાની પહેલી ટી20 આંતરરાષ્ટ્રીય મેચ રમી રહેલી રેણુકાએ (ચાર ઓવરમાં 4 વિકેટ) નવા બોલથી શ્રીલંકાના ટોચના ક્રમને ધ્વસ્ત કર્યું હતું, જેનાથી ભારતની તરફેણમાં મેચ બદલાઈ હતી. વિશ્વસનીય ખેલાડી દીપ્તિએ (3 વિકેટ) પણ મહત્વપૂર્ણ ટેકો પૂરો પાડ્યો અને મહત્વપૂર્ણ ક્ષણોમાં વિકેટ લીધી અને ઓસ્ટ્રેલિયાની મેગન સ્કટ સાથે મહિલા ટી20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સંયુક્ત રીતે અગ્રણી વિકેટ લેનાર બોલર બની. દીપ્તિએ આ ફોર્મેટમાં પોતાની 151મી વિકેટ લઈને આ સિદ્ધિ હાંસલ કરી.

**મહિલા ટી-20 આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર**

| બોલર | દેશ | ઈનિંગ | વિકેટ |
|---|---|---|---|
| મેગન શુટ | ઓસ્ટ્રેલિયા | 122 | 151 |
| દિપ્તી શર્મા | ભારત | 128 | 151 |
| હેનરીએટ ઈશમવે | રવાંડા | 111 | 144 |
| નિદા ડાર | પાકિસ્તાન | 152 | 144 |
| સોફી એક્લેસ્ટોન | ઈંગ્લેન્ડ | 100 | 142 |

# રાષ્ટ્રપતિ મુર્મુએ સૂર્યવંશીને રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યો

**રમત** જગતમાં સિદ્ધી મેળવનાર લક્ષ્મી અને કર્ણાટકની ધિનીધિને પણ આ પ્રતિષ્ઠીત પુરસ્કાર અપાયો



નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે ક્રિકેટમાં પોતાની આક્રમક બેટિંગથી તરંગો બનાવનાર 14 વર્ષના વૈભવ સૂર્યવંશી અને સુરતની સાત વર્ષની ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રગ્નિકા સહિત અનેક બાળકોને પ્રતિષ્ઠિત વડા પ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કર્યા.

સ્વિમિંગ સેન્સેશન ધિનીધિ દેશિંગુને પણ આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી, આ પુરસ્કાર રમતગમત, બહાદુરી, સમાજ સેવા અને પર્યાવરણમાં અસાધારણ સિદ્ધિઓ બદલ આપવામાં આવે છે. સૂર્યવંશીએ હાલમાં રાંચીમાં વિજય હજારે ટ્રોફી પ્લેટ ગ્રુપ મેચમાં અરુણાચલ પ્રદેશ સામે બિહાર માટે 84 બોલમાં 190 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જેમાં 16 ચોગ્ગા અને 15 છગ્ગા ફટકાર્યા હતા. આ ઈનિંગ સાથે, તે લિસ્ટ-A ક્રિકેટમાં સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો પુરુષ ક્રિકેટર બન્યો હતો. સૂર્યવંશીએ આ વર્ષની આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા સદી બનાવી ટી-20 ક્રિકેટમાં સૌથી ઓછી ઉંમરમાં સદી ફટકારનાર ખેલાડી બન્યો હતો. ભારતીય અંડર-19 ટીમના આ ખેલાડીએ ઓસ્ટ્રેલિયા અંડર-19 સામે ચાર દિવસીય મેચમાં પણ સદી બનાવી હતી. કર્ણાટકની તરણવીર ધિનિધિ દેશિંગુએ મહિલાઓની 200 મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં 2024 પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું હતું, અને આ મેગા ઈવેન્ટમાં ભાગ લેનાર સૌથી નાની ઉંમરની ભારતીય ખેલાડી બની.

# રિંકુની વિસ્ફોટક સદી, ઉત્તર પ્રદેશે ચંદીગઢને હરાવ્યું

**રિંકુ** સિંહ અને આર્ય જુયાલની સદીની મદદથી ઉત્તર પ્રદેશે 367 રન બનાવ્યા જવાબમાં ચંદીગઢ 140 રનમાં ઓલઆઉટ થયું



રાજકોટ, તા. 26 (પીટીઆઈ): T-20 વર્લ્ડકપ માટે પસંદ કરાયેલા ભારતીય સ્ટાર રિંકુ સિંહે શાનદાર ફોર્મ જાળવી રાખતા સદી ફટકારી હતી, જ્યારે આર્યન જુયાલે પણ સદી ફટકારી, જેની મદદથી ઉત્તર પ્રદેશે શુક્રવારે વિજય હજારે ટ્રોફી ગ્રુપ-B મેચમાં ચંદીગઢને 227 રનથી હરાવ્યું.

રિંકુએ 60 બોલમાં અણનમ 106 રન બનાવ્યા, જ્યારે જુયાલે સંયમ સાથે બેટિંગ કરતા 118 બોલમાં 134 રન બનાવ્યા. વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલે પણ 57 બોલમાં ઝડપી 67 રનનું યોગદાન આપ્યું, જેનાથી ઉત્તર પ્રદેશે ચાર વિકેટે 367 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

ત્યારબાદ બોલરોએ મેચને એકતરફી બનાવી દીધી. લેગ-સ્પિનર ઝીશાન અંસારીએ (4 વિકેટ) ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે ચંદીગઢ 29.3 ઓવરમાં માત્ર 140 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

અગાઉ પહેલાં બેટિંગ કરતા ઓપનર અભિષેક ગોસ્વામી ત્રીજા ઓવરમાં આઉટ થયા પછી, જુયાલ અને જુરેલે બીજી વિકેટ માટે 96 રનની ભાગીદારી સાથે ઉત્તર પ્રદેશની ઈનિંગ્સને સ્થિર કરી. બાદમાં પાંચમા નંબર પર બેટિંગ કરવા આવેલા રિંકુએ છેલ્લી ઓવરોમાં ધમાકેદાર બેટિંગ કરી, 10 ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા.

# મુંબઈએ ઉત્તરાખંડને હરાવ્યું, રોહિત નિષ્ફળ ગયો

**હાર્દિક** તમોરે, સરફરાઝ ખાન અને મુશીર ખાનના ઉપયોગી યોગદાનની મદદથી મુંબઈએ 331 રન બનાવ્યા જવાબમાં ઉત્તરાખંડ 280 રન જ બનાવી શક્યું





જયપુર, તા. 26 (પીટીઆઈ): રોહિત શર્માના પહેલા બોલ પર આઉટ થવા છતાં, વિજય હજારે ટ્રોફીના ગ્રુપ-સી મેચમાં મુંબઈએ ઉત્તરાખંડને 51 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતા, મુંબઈએ વિકેટકીપર-બેટ્સમેન હાર્દિક તમોરે (82 બોલમાં 93 અણનમ), સરફરાઝ ખાન (49 બોલમાં 55) અને મુશીર ખાનના (56 બોલમાં 55) ઉપયોગી યોગદાનની મદદથી સાત વિકેટે 331 રન બનાવ્યા. મુશીરે બાદમાં 57 રનમાં બે વિકેટ લઈને પોતાની બોલિંગ કુશળતા પણ બતાવી. ડાબોડી ઓપનર યુવરાજ ચૌધરીની આક્રમક 96 રનની ઈનિંગ છતાં ઉત્તરાખંડ નવ વિકેટે 280 રન જ બનાવી શક્યું.

આ પહેલાં પ્રથમ બેટિંગ કરતા રોહિત શર્મા તેની ઈનિંગના પહેલા જ બોલ પર આઉટ થતાં સ્ટેડિયમમાં લગભગ 5000 લોકોની ભીડ નિરાશ થઈ હતી. ઊંચા મધ્યમ ગતિના બોલર દેવેન્દ્ર બોરાએ (3 વિકેટ) શોર્ટ-પિચ બોલ સાથે પોતાની કારકિર્દીની સૌથી યાદગાર વિકેટ લીધી. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને સહજતાથી પુલ શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ ડીપ ફાઈન લેગ પર રહેલા જગમોહન નાગરકોટીએ બીજા પ્રયાસમાં કેચ પકડ્યો. બાદમાં સરફરાઝ અને મુશીરે ત્રીજી વિકેટ માટે 107 રનની ભાગીદારી કરીને મુંબઈને ખરાબ શરૂઆતમાંથી બહાર કાઢ્યું હતું. ત્યારબાદ તમોરેએ શાનદાર રમત દેખાડી એ શમ્સ મુલાની સાથે 95 રનની ભાગીદારી કરી મુંબઈને મોટા સ્કોર સુધી પહોંચાડ્યું.

**સુડોકુ - ૭૦૨૪**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૭ | ૬ | ૩ | ૪ | ૫ | | |
| ૪ | ૫ | ૯ | | ૨ | ૮ | ૭ | ૬ | |
| | | | | | | ૪ | ૨ | |
| | ૨ | | ૮ | ૭ | | ૧ | | ૯ |
| ૭ | ૩ | | ૫ | ૪ | ૯ | | ૮ | ૨ |
| | ૪ | ૮ | | ૬ | ૧ | ૩ | ૭ | ૫ |
| ૮ | ૯ | | ૪ | | | | | |
| | ૭ | | | ૮ | ૨ | ૯ | ૧ | ૬ |
| | ૬ | | | ૫ | ૭ | ૮ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



**દાદીમાના નુસખા**

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**વેરીકોઝ વેઈન્સ**

ઉંમરના વધવા સાથે પગ ઉપરની નસો ગંઠાઈ ઉપસી આવે છે. હરસ પણ એનોજ પ્રકાર છે. ચક્રમર્દની કોફી રોજ બે વાર પીવો. અર્શોઘ્ની વટી, પાઈલેક્ષ, પાઈલોલાઈટ માથી કોઈ એકનો ઉપયોગ કરો. સ્પોન્ડીગો તેલમા હળદર નાખી તેનાથી માલિશ કરો.

**શબ્દગુંફન - ૭૧૩૧** અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. હિમાલય (૩)
૩. નદી, સરિતા (૩)
૬. રસ ધરાવતો માણસ (૩)
૭. વરને તેડવા જનારો કન્યા તરફનો માણસ (૪)
૧૦. મોટી નાવ (૩)
૧૨. જોયું, દેખ્યું (૨)
૧૩. પરાજય (૨)
૧૪. ન ખાવું તે, ઉપવાસ (૪)
૧૬. ચર્ચા, ઉહાપોહ (૪)
૧૮.ફળ કે ઝાડના થડનો ગર્ભ (૨)
૧૯. ધૂળ (૨)
૨૦. હવા જ પેસી શકે તેટલી તિરાડ (૩)
૨૨. સાવ સહેલી વાત (૫)
૨૫. જીવ (૨)
૨૬. અંધકાર (૨)
૨૭. અધિકાર (૨)
૨૮. મોં. ચહેરો (૩)
૩૦. તાજું (૨)
૩૧. બટનનું નાકું (૨)
૩૨. ભીંત (૩)
૩૩. એક જાતનું ઝીણી કપડું (૪)

**ઊભી ચાવી**

૧. શિશુ અવસ્થા, બાળપણ (૩)
૨. રક્ષણ, આશ્રય (૩)
૩. નસીબ, ભાગ્ય (૪)
૪. આસમાની (૨)
૫. એક વાર (૨)
૮. આકાશ (૩)
૯. ચાર ગાઉ, બાર કિલોમીટર (૩)
૧૧. ખરા અંતરનું (૩)
૧૩. ફૂલો વગેરેની માળા (૨)
૧૪. પૈંડાનો આરો (૨)
૧૫. હોડ, બોલી, કરાર (૩)
૧૬. હોશિયાર (૩)
૧૭. ઇચ્છા, ચાહ, પ્રેમ (૩)
૧૮. હાથી (૨)
૧૯. લીન (૨)
૨૦. રંગ, વર્ણ (૨)
૨૧. સિંહની ગર્જના (૩)
૨૩. સહાય (૩)
૨૪. હવા, સમીર (૨)
૨૫. પ્યાલો (૨)
૨૬. મસ્ત, ધરાયેલું (૨)
૨૭. પચેલું (૩)
૨૮. ઉમ્મર (૨)
૨૯. પર્વત કે સરોવર પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૩૦. એક તેલી બી (૨)
૩૧. ચહેરાની આજુબાજુનો ભાગ (૨)



## આજનું પંચાંગ

**તા. 27/12/2025, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** સુદ: સાતમ:13:11
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ :06
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :** શિશિર
**નક્ષત્ર :** પૂ.ભા.:- 09:10 પછી ઊ.ભા.
**યોગ :** વ્યતિપાત,
**કરણ:** વિષ્ટ
**રાશિ:** મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ :** અશુભ- ગુરુ ગોવિન્દસિંહ જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 07:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:04 **નવકારસી:** 08:04
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે:- 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** પડવા-વાગવાથી સાવધાન. કોઈના જામિન થવું નહી. સરકારી કામમાં વિઘ્નો આવે.

**વૃષભ (બ,વ,ઉ,):** ધંધા-વેપારમાં તક મળે. નવા સોદા થાય. મિલકત બાબતે ઉતાવળ કરવી નહી. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** વિદેશના કામમાં ગતિ આવે. ધાર્મિક પ્રવાસ થાય. કાયદા બાબતે મદદ મળે.

**કર્ક (ડ,હ,):** પારીવારીક ધંધામાં પ્રગતિ થાય. લેખન, મુદ્રણ, પ્રકાશન બાબતે સફળતા મળે. શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** ખાવા-પીવામાં ધ્યાન રાખવુ. આરોગ્યની ચિંતા અને વડીલોના પ્રશ્નો સતાવશે. ખર્ચા વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાગીદારીની મિટીંગ સફળ રહે. રોજના કામમાં આવક વધે. ઘરમાં દોડધામ વધે.

**તુલા (ર,ત,):** સરકારી નોકરીયાતે સાવધાની રાખવી. ગુપ્ત શત્રુઓથી બચવુ. વિજાતિય આવેગ સતાવે.

**વૃશ્ચિક (ન,ય,):** વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું જ્ઞાન મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. મિત્રો સાથે મનોરંજન થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઘર તથા વાહન મિલકત લે વેચના કામમાં પ્રગતિ થાય. બહારના કામનો બોજ રહે.

**મકર (ખ,જ,):** મિત્રો-ભાઈ-બહેનો સાથે આવક વધારવાની યોજના બને. પ્રવાસમાં સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાય. પારીવારિક ધંધામાં આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** સમાજમાં યશ મળે. નોકરી-ધંધા માટે પ્રવાસ સફળ રહે. શુભ સમાચાર મળે.

**કોઇ પણ સાલમાં 27 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ**

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવી તકો ઊભી થાય. નવાં ફેરફારથી નવી જવાબદારીથી નવુ શિખવા મળે. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં યશ મળે. હરીફો સામે ટકવાની શક્તિ મળે. મિત્રો-વડીલોની મદદ સમાજ પરિવારના કામમાં મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વારસા, જાયદાત, જમીન જેવો કામમાં ગતિ આવે. વિદેશનો કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થિઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર- નવેમ્બરમાં સફળતાનો અનુભવ થાય. ડિસેમ્બર-જાન્યુઆરીમાં આરોગ્ય અને પારીવારિક ખર્ચા વધે. અશાંતિ વધશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

**H1B વિઝા ઇન્ટરવ્યુઓ...**

મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભારત સરકાર આપણા નાગરિકોને થતી મુશ્કેલીઓને ઓછી કરવા માટે અમેરિકી પક્ષ સાથે સક્રિય રીતે સંકળાયેલી છે, એમ તેમણે જણાવ્યું હતું.

**ઉન્નાવ કેસમાં...**

સાથ ખિલવાડ નહીં ચલેગા લખેલા પ્લેકાર્ડ હતા. તેમણે ઉન્નાવ બળાત્કાર પીડિતાના સમર્થનમાં બલાત્કારીયોં કો સંરક્ષણ દેના બંધ કરો અને ગુનેહગારો કો બચાના બંધ કરો (બળાત્કારીઓ અને દોષિતોને રક્ષણ આપવાનું બંધ કરો) જેવા નારા પણ લગાવ્યા હતા.

**પાકિસ્તાને LOC...**

પાકિસ્તાને ઓછી ઊંચાઈવાળા ડ્રોનનો સામનો કરવા માટે પરંપરાગત હવાઈ સંરક્ષણ શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે. આમાં રડાર માર્ગદર્શન પ્રણાલીઓ દ્વારા સમર્થિત ઓરલીકોન GDF 35 મીમી ટ્વીન-બેરલ એન્ટી-એરક્રાફ્ટ ગન અને ધીમી અને ઓછી ઊંચાઈવાળા હવાઈ લક્ષ્યોને સ્પર્શ કરવામાં સક્ષમ અન્ઝા Mk-II અને Mk-III મેન-પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ્સ (MANPADS)નો સમાવેશ થાય છે.

**કેનેડામાં ટોરોન્ટો...**

જાણ કરી હતી એમ ઈન્સ્પેક્ટર જેફ એલિંગ્ટને મંગળવારે રાત્રે ઘટનાસ્થળ નજીક પત્રકારોને જણાવ્યું હતું. ઓલિંગ્ટને જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં જંગલમાંથી પસાર થઈ રહેલા એક વ્યક્તિએ પીડિતને રસ્તા પર પડેલો જોયો અને 911 પર ફોન કર્યો. જ્યારે અધિકારીઓ પહોંચ્યા, ત્યારે તેમને ગોળી વાગેલી એક વ્યક્તિ મળી. અહેવાલમાં ઉમેરાયું છે કે, તે વ્યક્તિને ઘટનાસ્થળે મૃત જાહેર કરવામાં આવી હતી. પોલીસ આ કેસમાં હત્યાના કેસ તરીકે તપાસ કરી રહી છે. અમારું તાત્કાલિક ધ્યાન ઘટનાસ્થળે પુરાવા સાચવવા અને શું થયું તે નક્કી કરવા અને આ વ્યક્તિના નજીકના સંબંધીઓને જાણ કરવા પર છે. તેના કારણે, આજે રાત્રે હું તમારી સાથે ખૂબ જ ઓછી માહિતી શેર કરી શકું છું એમ ઓલિંગ્ટને કહ્યું. ટોરોન્ટો પોલીસે જણાવ્યું હતું કે પોલીસ આવે તે પહેલાં શકમંદ ત્યાંથી ભાગી ગયો હતો. કોઈ શંકાસ્પદ વ્યક્તિનું વર્ણન જાહેર કરવામાં આવ્યું નથી. માહિતી ધરાવતી કોઈપણ વ્યક્તિને પોલીસનો સંપર્ક કરવા માટે કહેવામાં આવ્યું છે. દરમિયાન, ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટે વિદ્યાર્થીના મૃત્યુ અંગે દુઃખ વ્યક્ત કરીને જણાવ્યું છે કે તે આ છોકરાના પરિવાર સાથે સંપર્કમાં છે.

**ભારતમાં આતંક ફેલાવવા...**

હંગરગેકરના ડિજિટલ ફૂટપ્રિન્ટ ઊંડા વૈચારિક કટ્ટરપંથીકરણ તરફ ઈશારો કરે છે. આનાથી એન્ક્રિપ્ટેડ સંદેશાવ્યવહાર, આર્કાઈવ્ડ પ્રચાર સામગ્રી અને અનેક બંધ જૂથોમાં તેની સંડોવણી બહાર આવી. અધિકારીઓએ એ પણ શોધી કાઢ્યું કે તે વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કરી રહ્યો હતો અને વિદેશી IP સરનામાંઓને રૂટ કરી રહ્યો હતો, જેમાંથી કેટલાક અફઘાનિસ્તાન અને હોંગકોંગ સાથે જોડાયેલા હતા. આનાથી વધુ ઊંડાણપૂર્વકની ફોરેન્સિક તપાસ થઈ. આ તારણોના આધારે, પુણે એટીએસે તેની ધરપકડ કરતા પહેલા તેની નજીકની દેખરેખ રાખી હતી. અહેવાલ મુજબ, ટોચના ગુપ્તચર અધિકારીઓ કહે છે કે હંગરગેકરની પ્રોફાઈલ જમ્મુ અને કાશ્મીરના મૂળના આતંકવાદી મોડ્યુલ સાથે જોડાયેલા ડોકટરો સહિત અન્ય તાજેતરની ધરપકડોમાં જોવા મળેલી ચિંતાજનક પેટર્ન સાથે મેળ ખાય છે. બંને કિસ્સાઓ સફેદ કોલર, ડિજિટલી કટ્ટરપંથી ભરતી દળના ઉદયને પ્રકાશિત કરે છે. આ વ્યક્તિઓ શિક્ષિત, આદરણીય છે અને તેમનો કોઈ અગાઉનો ગુનાહિત રેકોર્ડ નથી. એજન્સીઓ કહે છે કે આ કોઈ સંયોગ નથી. અલ-કાયદા ઈરાદાપૂર્વક વ્યાવસાયિક કાયદેસરતા, વિશ્વસનીયતા અને નેટવર્ક ઍક્સેસ ધરાવતા વ્યક્તિઓને આકર્ષિત કરી રહ્યું છે. આ ભરતીઓ શંકા જગાડે તેવી શક્યતા ઓછી હોવાનું માનવામાં આવે છે. આવા વ્યક્તિઓ શાંતિથી વાતચીત કરવામાં વધુ સક્ષમ હોય છે.

**ગોલ્ડમેન સૅક્સ...**

સૂચવે છે કે ભારત સહિત ઉભરતા બજારો વિકસિત દેશો કરતાં વધુ સારી કામગીરી કરશે. જે મુખ્યત્વે મજબૂત સ્થાનિક માગ અને આ દેશોમાં અનુકૂળ માળખાકીય વલણોને કારણે છે. ગોલ્ડમેન સૅક્સનો અંદાજ છે કે ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 2026માં આશરે 6.7% અને 2027માં 6.8% રહેશે. આ અંદાજ સર્વસંમતિ કરતાં વધુ છે, જે ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં રાખે છે. રિપોર્ટમાં ચીનનું અર્થતંત્ર 2026માં 4.8% અને 2027માં 4.7% ના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. આમ, આર્થિક વિકાસની દ્રષ્ટિએ ચીન ભારતની સરખામણીમાં નિસ્તેજ રહેશે. મજબૂત સ્થાનિક વપરાશ, સરકારી માળખાકીય ખર્ચ અને નિકાસ-લક્ષી અર્થતંત્રોની તુલનામાં વૈશ્વિક વેપાર અવરોધોના પ્રમાણમાં મર્યાદિત સંપર્કને કારણે ભારતનો વિકાસ વેગ ચાલુ રહેવાની અપેક્ષા છે. રિપોર્ટમાં વૈશ્વિક શ્રમ બજારમાં નબળાઈને પણ મુખ્ય જોખમ તરીકે જોવામાં આવે છે. તે જણાવે છે કે રોજગારીનું સર્જન ઉત્પાદકતા વૃદ્ધિ સાથે ગતિ જાળવી રહ્યું નથી. વિકસિત બજારોમાં આ વલણ વધુ સ્પષ્ટ છે. જો કે, રોજગાર વૃદ્ધિમાં વૈશ્વિક મંદી લાંબા ગાળે ઉભરતા બજારો માટે પરોક્ષ પડકારો ઉભા કરી શકે છે. એકંદરે, ગોલ્ડમેન સૅક્સ 2026 માં ઉભરતા બજારો માટે સકારાત્મક દૃષ્ટિકોણ જાળવી રાખે છે. તે સ્થિર વૈશ્વિક વૃદ્ધિ, ઘટતા ફુગાવા અને સહાયક નાણાકીય પરિસ્થિતિઓ વચ્ચે ભારતને એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાન આપે છે.